MEDIA : NAV GUJARAT SAMAY (AHMEDABAD)
DATE : 30 JAN 2015

# આઈનોક્સ વિન્ડ અને તાતા પાવરનો વિન્ડ પાવર સોદો

નવગુજરાત સમય > અમદાવાદ

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડની પેટાકંપની અને ભારતની અગ્રણી વિન્ડ પાવર સોલ્યુશન્સ પ્રોવાઈડર આઈનોક્સ વિન્ડ લિમિટેડ (IWL)ને ટાટા પાવર કંપની લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ટાટા પાવર રીન્યુએબલ એનર્જી લિમિટેડ (TPREL) તરફથી ગુજરાતમાં 54 મેગાવોટ અને રાજસ્થાનમાં 118 મેગાવોટના વિન્ડ-ફાર્મ પ્રોજેક્ટ મળ્યા છે.

આઈડબલ્યુએલ અને ટીપીઆરઈએલે સમજૂતિઓ કરી છે, જે અંતર્ગત આઈડબલ્યુએલે ગુજરાત અને રાજસ્થાનમાં તેનાં બે મેગાવોટનાં વિન્ડ ટર્બાઈન જનરેટર્સનાં 86 યુનિટ્સ સપ્લાય અને કાર્યાન્વિત કરવાનાં રહેશે. ગુજરાતના ભાવનગર જિલ્લાનાં રોજમાલ ગામ પાસે આવેલો પ્રોજેક્ટ જૂન 2015 સુધીમાં પૂરો કરવાનો રહેશે જ્યારે રાજસ્થાનમાં જૈસલમેર જિલ્લાના ડાંગરી ગામ પાસેનો પ્રોજેક્ટ માર્ચ 2016 સુધીમાં બે તબક્કામાં પૂરો કરવાનો રહેશે. આઈડબલ્યુએલની જવાબદારી સાઈટ સંપાદન, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ, ઈરેક્શન અને કમિશનિંગની તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સને લાંબા ગાળા સુધી ઓપરેટ અને મેઈન્ટેન કરવાની રહેશે.

આઈનોક્સ વિન્ડ લિમિટેડના સીઈઓ કૈલાશ તારાચંદાનીએ જણાવ્યું હતું કે, "ભારતમાં તેની નોંધપાત્ર વિન્ડ એનર્જી ફુટપ્રિન્ટનું વિસ્તરણ કરતા ટાટા પાવર સાથે ભાગીદારી કરતાં આઈનોક્સ અત્યંત ગર્વ અનુભવે છે. આ સોદો વિન્ડ એનર્જી માટે ભારતની ક્ષમતા અને આ ક્ષેત્રમાં આઈનોક્સની વધતી જતી હાજરી પ્રદર્શિત કરે છે. આ કોન્ટ્રાક્ટ ભારતમાં અમારા બિઝનેસમાં વધુ એક સીમાચિહ્ન છે.